સત્સંગ
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ

# વામન જયંતી : ભગવાન વિષ્ણુના પાંચમા અવતારનો દિવ્ય સંદેશ

ધર્મરંગ

વ્યોમા સેલર



ભાદરવા સુદ બારસનો દિવસ હિન્દુ ધર્મમાં વિશેષ આધ્યાત્મિક મહત્ત્વ ધરાવે છે. આ પવિત્ર દિવસે ભગવાન વિષ્ણુએ વામન સ્વરૂપે અવતાર ધારણ કર્યો હતો, તેથી આ દિવસને વામન જયંતી તરીકે ઉજવવામાં આવે છે. ભગવાન વિષ્ણુના દશાવતારોમાં વામન અવતાર પાંચમો અવતાર માનવામાં આવે છે. આ અવતાર દ્વારા ભગવાને માત્ર દેવતાઓનું રક્ષણ જ કર્યું ન હોતું, પરંતુ સમગ્ર માનવજાતને વિનમ્રતા, ધર્મ, વચનપાલન અને અહંકારના ત્યાગનો દિવ્ય સંદેશ પણ આપ્યો હતો.

પૌરાણિક કથા અનુસાર તે સમયે દૈત્યરાજ બલિ અત્યંત પરાક્રમી અને દાનવીર રાજા હતા. તેમણે પોતાના પરાક્રમથી ત્રણેય લોક પર અધિકાર સ્થાપિત કર્યો હતો. તેઓ ભગવાનના ભક્ત અને મહાન દાતા પણ હતા. દેવતાઓએ પોતાની સ્થિતિ ગુમાવતાં ભગવાન વિષ્ણુને પ્રાર્થના કરી. ત્યારે ભગવાને માતા અદિતિ અને ઋષિ કશ્યપના પુત્ર તરીકે વામન સ્વરૂપે અવતાર ધારણ કર્યો.

વામન ભગવાનનું સ્વરૂપ અત્યંત નાનું અને તેજસ્વી હતું. એક દિવસ દૈત્યરાજ બલિ યજ્ઞ કરી રહ્યા હતા. તે સમયે વામન ભગવાન બ્રાહ્મણના વેશમાં તેમની પાસે પહોંચ્યા. બલિએ તેમનું સન્માન કરી તેમને દાનમાં શું જોઈએ છે તે પૂછ્યું. ભગવાન વામને માત્ર ત્રણ પગલાં જેટલી જમીન માગી.

બલિને આ માંગણી ખૂબ નાની લાગી. તેમણે તરત જ ત્રણ પગલાં જમીન આપવાનું વચન આપી દીધું. પરંતુ વચન મળતાં જ વામન ભગવાને વિરાટ સ્વરૂપ ધારણ કર્યું. પ્રથમ પગલે તેમણે પૃથ્વીને અને બીજા પગલે સમગ્ર આકાશને માપી લીધું. હવે ત્રીજા પગલા માટે કોઈ સ્થાન બાકી રહ્યું નહીં.

ત્યારે બલિએ પોતાનું માથું ભગવાનના ત્રીજા પગલા માટે અર્પણ કરી દીધું. ભગવાને બલિના અહંકારનો નાશ કર્યો, પરંતુ તેમની ભક્તિ અને વચનપાલનથી પ્રસન્ન થઈ તેમને આશીર્વાદ આપ્યો. આ પ્રસંગ દર્શાવે છે કે ભગવાન ભક્તના બાહ્ય વૈભવ કરતાં તેની ભાવના અને સમર્પણને વધારે મહત્ત્વ આપે છે.

વામન અવતારની કથા આપણને એક ઊંડો જીવનસંદેશ આપે છે. માણસ પાસે કેટલું પણ ધન, સામર્થ્ય અને પ્રતિષ્ઠા હોય, પરંતુ અહંકાર તેને પતન તરફ લઈ જઈ શકે છે. બીજી તરફ નમ્રતા, સત્ય અને વચનપાલન વ્યક્તિને ભગવાનની કૃપા તરફ લઈ જાય છે.

વામન જયંતીના દિવસે ભક્તો ભગવાન વિષ્ણુની પૂજા, ઉપવાસ, જપ અને કીર્તન કરે છે. મંદિરોમાં વિશેષ શણગાર અને ધાર્મિક કાર્યક્રમો યોજાય છે. ભગવાન વામનને પંચામૃત સ્નાન કરાવી ફૂલ, તુલસી અને નૈવેદ્ય અર્પણ કરવામાં આવે છે.

વામન જયંતી માત્ર ભગવાનના અવતરણની ઉજવણી નથી, પરંતુ આપણા જીવનમાંથી અહંકાર દૂર કરી વિનમ્રતા અપનાવવાનો પવિત્ર અવસર છે. ભગવાન વામન આપણને શીખવે છે કે સાચી મહાનતા શક્તિમાં નહીં, પરંતુ સત્ય, સંયમ, સેવા અને સમર્પણમાં રહેલી છે. ભગવાન વિષ્ણુની કૃપાથી સૌના જીવનમાં ધર્મ, શાંતિ અને ભક્તિનો પ્રકાશ પ્રસરે–એ જ વામન જયંતીની સાચી પ્રાર્થના છ

બલિરાજાનું સમર્પણ અને ભગવાનની કૃપા

બલિરાજા માત્ર પરાક્રમી રાજા જ નહોતા, પરંતુ તેઓ મહાન દાનવીર પણ હતા. તેમના યજ્ઞમાં કોઈ પણ વ્યક્તિ ખાલી હાથે પાછી ફરતી નહોતી. તેમના ગુરુ શુક્રાચાર્યને જ્યારે સમજાયું કે વામન સ્વરૂપે સ્વયં ભગવાન વિષ્ણુ આવ્યા છે અને તેઓ બલિરાજા પાસે ત્રણ પગલાં જમીન માગી રહ્યા છે, ત્યારે તેમણે બલિને સાવધાન કર્યો. તેમણે કહ્યું કે ભગવાન પોતાના વિરાટ સ્વરૂપથી સમગ્ર સૃષ્ટિ માપી લેશે અને તારા માટે કંઈ બાકી નહીં રહે.

પરંતુ બલિરાજાએ આપેલું વચન પાછું ખેંચવાનો ઈનકાર કર્યો. તેમણે કહ્યું કે એકવાર કોઈને દાન આપવાનું વચન આપ્યા પછી તેમાંથી પાછા ફરવું યોગ્ય નથી. ભગવાનને પોતાનું સર્વસ્વ અર્પણ કરવાની તક મળી છે તો તેનાથી મોટું સૌભાગ્ય બીજું શું હોઈ શકે?

> **બલિએ પોતાનું માથું ભગવાનના ત્રીજા પગલા માટે અર્પણ કરી દીધું**

જ્યારે ભગવાને બે પગલાંમાં પૃથ્વી અને આકાશ માપી લીધાં, ત્યારે ત્રીજા પગલા માટે બલિરાજાએ પોતાનું માથું આગળ ધરી દીધું. આ દૃશ્ય બલિરાજાની ભક્તિ અને સમર્પણનું અદભુત ઉદાહરણ બની ગયું.

ભગવાન વામન બલિના આ સમર્પણથી પ્રસન્ન થયા. તેમણે બલિરાજાને સુતલ લોકનું રાજ્ય આપ્યું અને પોતે તેમની રક્ષા કરવા ત્યાં રહેવાનું વચન આપ્યું.

આમ, બલિરાજાએ સંપત્તિ ગુમાવી, પરંતુ ભગવાનની સાનિધ્યરૂપે જે મેળવ્યું તે સમગ્ર વૈભવ કરતાં અનેક ગણું મહાન હતું. આ કથા આપણને શીખવે છે કે ભગવાનને સાચા હૃદયથી સમર્પિત થનાર ભક્ત ક્યારેય ખાલી હાથે રહેતો નથી.

# અકર્મકાંડી સાધુ

બાઉલ કથા



લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ



પૂર્વ વર્ધમાન જિલ્લાનું પાટુલી ગામ હૂબલી નદીના પૂર્વ કાંઠે છે. ત્યાં જાબાલદાસ બાઉલનો આશ્રમ છે. તે આશ્રમ તેના ગુરુ તરફથી તેને ભેટમાં મળેલો છે. તેમની ગુરુ પરંપરાનો ત્યાં ત્રણ પેઢીનો વસવાટ છે તેથી આશ્રમ ખૂબ વિશાળ અને રમણીય છે.

બાઉલ કોઈ કર્મકાંડ, પૂજા, પ્રવાસ, યાત્રા, પ્રતીક વગેરે ક્રિયાકાંડમાં માનતા નથી. તેથી મારી સાથે આવેલ એક મિત્ર ભરતને આશ્ચર્ય થયું કે કર્મકાંડ વિનાનો સાધુ તે વળી કેવો હોય! તેણે જાબાલદાસને પૂછી જ લીધું. જવાબમાં બાઉલે કહ્યું, ''મારા ગુરુ રંજનદાસ એક વાત કરતા, તે તમને કહું, કદાચ તમને જવાબ મળી જાય.'' બાઉલે વાત માંડી, ''મારા ગુરુ કહેતા કે પાટુલી ગામ પાસેથી માયાપુર ચૈતન્યનગરી જવાનો સૌથી સારો રસ્તો હૂબલી નદીનો જળમાર્ગ છે. તે સમયે તો તે એક જ માર્ગ હતો. એક નાની બોટમાં મેં માયાપુર જવાનું નક્કી કર્યું. જો કે તે બોટ પણ પહેલેથી જ એક ધનિક વૈષ્ણવે બાંધી લીધી હતી પરંતુ મને સાથે આવવાની હા કહી. જળમાર્ગે ત્યાં પહોંચવામાં સામાન્ય રીતે ચાર દિવસ થાય.

પ્રથમ દિવસે બપોરે તે વૈષ્ણવે, કાંઠે નાવ લંગારી નદીકાંઠે રસોઈ પકવવાનું આયોજન કર્યું. તેમાં ખૂબ સમય લાગ્યો કારણ કે ચોક્કસ ચોખ્ખાઈમાં માનતા વૈષ્ણવે, બધાં જ વાસણોને ત્રણ વખત ધોયાં અને ત્રણેય વખત ભીના કપડાથી લૂછ્યાં. તે ઉપરાંત ચુલાના લાકડાને પણ ગંગાના પાણીથી ધોયા પછી તડકામાં રાખી તે સુકાઈ જાય ત્યાં સુધી રાહ જોઈ.

નાવિક મારી પાસે આવી અને ધીમેથી બોલ્યો, ''બાઉલ ચારને બદલે છ દિવસે પહોંચશું!''

અમે ભોજન કરી અને નૌકામાં બેઠા ત્યારે વૈષ્ણવે મને પૂછ્યું કે ''બાઉલ! તમે રાંધ્યું? ખાધું?'' મેં હા કહી. તો તેણે ફરીથી કહ્યું કે ''ક્યારે ખાધું?'' મેં કહ્યું, ''વૈષ્ણવ જમવું મહત્ત્વનું છે. હું સાથે માટીનું એક પાટડા રાખું છું અને ચોખાની થેલી રાખું છું. પાટડામાં પાણી ભરી, આજુબાજુથી ત્રણ પથ્થર શોધી, મંગાળો બનાવી, ચૂલો કરી, તેના પર ભાતને ચડાવી પકાવી લઉં છું. પાટડામાં જ ખાઈ લઉં છું. પછી હુબલીના પાણીમાં પાટડો થોડી વાર ડુબાડી રાખું છું, હાથ- મોં સાફ કરું ત્યાં તો હુબલીનું પાણી અને માછલીઓ પાટડાને સાવ સાફ કરી નાખે! પછી પાટડો ઊંધો વાળી દઉં ફરી એની સાંજે જરૂર પડે!'' તે વૈષ્ણવ તો બાઉલની સામે જ જોતો રહ્યો. વાત પૂરી કરતાં જાબલદાસ બાઉલ આગળ બોલ્યા, અમારી ઉપાસના પદ્ધતિમાં પણ એવું જ છે. આ જપ, તપ, પ્રવાસ, પૂજન, અર્ચન, કર્મકાંડ, યાત્રા, મૂર્તિ, ચંદન, તિલક, તે બધાં તો વાસણ સાફ કરવા માટેનાં કર્મ છે. રસોઈ પકવવાનું કામ તો તમે મનેર માનુષ આગળ અગ્નિ પ્રગટાવો તે પછી શરૂ થાય.

> **બાઉલ કોઇ કર્મકાંડ, પૂજા, પ્રવાસ, યાત્રા, પ્રતીક વગેરે ક્રિયાકાંડમાં માનતા નથી!**

થોડું રોકાયા પછી તે બોલ્યો, ''જો વાસણ ગંદુ જ ન હોય, તમે તેને ગંદુ જ ન કરતા હો, તો પછી આવો સફાઈધુલાઈમાં ખોટો ફિઝુલ ખર્ચ, શક્તિ, સમય ન બગાડી, સીધું જ વાસણ રસોઈના ઉપયોગમાં બનાવવા માટે લેવું અને મનેર માનુષનું કામ શરૂ કરવું. ગુરુજી કહેતા હતા કે તે પછી વૈષ્ણવ સાફસફાઈમાં ઓછો સમય લેતા હતા.

મારા મિત્ર ભરતે મને ગુજરાતીમાં કહ્યું, ''સાચી વાત છે, ઓછામાં ઓછા કર્મકાંડ કરે તે જ સાચો સાધુ.''